॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર વદ : ૧૧ | મંગળવાર | તા.: ૨૦.૧૨.૨૦૨૨ | SDP No. : 971 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત ઝોન સમાજ ની વાર્ષિક સામાન્ય સભા અને શતાબ્દી મહોત્સવ અંતર્ગત ભવ્ય સનાતની શતાબ્દી મહોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે સતપંથ પીરાણા ની પોલ અને સતપંથ છોડો ગ્રંથ ની શોભા યાત્રા કાઢી પૂજા કરી સ્ટેજ ઉપર સ્થાપિત કરી મહોત્સવ ખુલ્લો મુકવામાં આવ્યો.

મહિલા સંઘ ઉત્તર ગુજરાત શકિતપીઠ નાં પ્રમુખ જશોદાબેન અને મહામંત્રી ભારતીબેન લીંબાણી દ્વારા આ સનાતન ગૌરવ ની પોથી યાત્રામાં સહુનાં શિર પર પોથી તરીકે સતપંથ છોડો પુસ્તક આરૂઢ કરી હતી અને જેણે છત્રી થી આન બાન શાન આપવા ઉત્તર ગુજરાત રીજીયન કર્ણધાર નું કર્તવ્ય બન્યું હતું.. આ સનાતની ગૌરવ નો શંખનાદ કરતા શોભા યાત્રા નું સામૈયું વિજયાબેન પાંચાણી જેઓ... દ્વારા કંકુ તિલક અક્ષત દ્વારા પરંપરા ગત કરવામાં આવેલ

તારીખ 18/12/2022 ના રોજ મહેસાણા ખાતે આવેલ ચોરાસી કડવા પટેલ વાડી ની જગ્યા માં ઉત્તર ગુજરાત ઝોન સમાજ ની વાર્ષિક સાધારણ સભા અને સનાતની મહોત્સવ 2022 નામે સંસ્કૃતિ કાર્યક્રમો અને વિવિધ સ્પર્ધાઓ યોજાઈ, આગામી મેં 2023 માં કેન્દ્રીય સમાજ દ્વારા યોજાનાર સનાતની શતાબ્દી મહોત્સવ માં ઉત્તર ગુજરાત ઝોન સમાજ વતી ભાગ લેવા માટે સ્પર્ધકો નું સિલેકશન કરવા માટે સનાતની મહોત્સવ 2022 નામે આ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં વકતૃત્વ, ચિત્ર, સમૂહ નૃત્ય, સ્કિટ, નિબન્ધ, પ્રિન્સ અને પ્રિન્સેસ ઓફ kkp અને વોઇસ ઓફ kkp વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

84 કડવા પાટીદાર સમાજ વાડી ના વિશાલ ડોમ માં સવારે 9 : 30 કલાકે લગભગ 2500 જેટલા જ્ઞાતિજનો ની હાજરી માં ઉત્તર ગુજરાત ઝોન સમાજ ની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. આ પ્રસંગે કેન્દ્રીય સમાજ ના ઉપ પ્રમુખ જયંતીભાઈ રામાણી, ઉપ પ્રમુખ રાજેશભાઇ દિવાણી, પ્રવક્તા ડૉ.અશોકભાઈ ભાવાણી, ખંડપ્રભારી દામજીભાઇ વાસાણી, મંત્રી વિનોદભાઈ ભગત, કેન્દ્રીય ઇતિહાસ વિદ સમીતી નાં CA ચંદ્રકાન્ત છાભૈયા, અરવલ્લી ઝોન સમાજ પ્રમુખ અમૃતભાઈ રામાણી, અને પૂર્વ મંત્રી પ્રવીણભાઈ ધોળું વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઉત્તર ગુજરાત ઝોન સમાજ ના પ્રમુખ ઈશ્વરભાઈ હળપાણી, મહામંત્રી રમેશચંદ્ર પોકાર, મંત્રી કિરીટ રામાણી તથા અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ આ બધા મહાનુભાવો એ વ્યક્તિ ગત સ્પર્ધાઓ ને ખુલ્લી મૂકી સ્પર્ધકો ને શુભ આશિષ પાઠવ્યા હતા.

સામાન્ય સભા ની શરૂઆત દીપ પ્રાગટય, સ્થાન ગ્રહણ, દિવંગત આત્મા ને શ્રદ્ધાંજલિ અને સ્વાગત ગીત થી થઈ હતી. ત્યારબાદ પૂર્વ નિર્ધારિત એજેન્ડા મુજબ મહેમાનો નું સ્વાગત કરી મિનિટ્સ બુક નું તથા હિસાબો નું અને આવેલ પત્રો નું વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજ્ય, રાષ્ટ્રીય કે વિશ્વ કક્ષા એ રમત ગમત કે બીજી કોઈ ટેલેન્ટ સ્પર્ધાઆ વિજેતા બનેલ ઉત્તર ગુજરાત ઝોન ના વિજેતાઓ નું સર્ટીફિકેટ અને રોકડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ મહેમાનો એ સભા ને સંબોધી હતી. પધારેલ મહાનુભાવોએ આગામી નખત્રાણા ખાતે યોજાનાર સનાતની શતાબ્દી મહોત્સવ ની માહિતી આપી અને રદી થી સમૃદ્ધિ ની યોજના માં વધુ માં વધુ સહભાગી થવા અપીલ કરી હતી. ત્યારબાદ ખુલ્લો મંચ મુકવામાં આવ્યો હતો અને પછી આજની સભા ના અધ્યક્ષ ઈશ્વરભાઈ હળપાણી એ અધ્યક્ષ સ્થાને થી ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે ઉત્તર ગુજરાત રીજીયન યુવાસંઘ દ્વારા દર વર્ષ ની જેમ વર્ષ 2023 ના કેલેન્ડર નું વિમોચન કરવામાં આવ્યું હતું. ઝોન મહામંત્રી રમેશચંદ્ર પોકારે આભારવિધિ કરી હતી. રાષ્ટ્રગીત ગાઈ સભા ની પુર્ણાહુતી કરવામાં આવી હતી. સામાન્ય સભા નું માઈક દ્વારા સુંદર સંચાલન વિનયભાઈ પોકાર નંદાસણ અને દીપિકાબેન પોકાર વિજાપુર દ્વારા કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ભોજન પછી બીજા સત્ર માં સનાતની મહોત્સવ ની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સામાન્ય સભા માં હાજર તમામ કેન્દ્રીય સમાજ ના હોદેદારો તથા આમંત્રિત મહેમાન ઉપસ્થિત રહ્યા હતા. સનાતની મહોત્સવની શરૂઆત માં આપણા સમસ્ત કકપા સમાજ માં સૌ પ્રથમ વખત પૂજ્ય નારાયણજી રામજી લીંબાણી દ્વારા લિખિત 'સતપંથ પીરાણા ની પોલ ' અને સી.એ. ચંદ્રકાન્ત છાભૈયા દ્વારા રચિત 'માં ઉમા નો આદેશ સતપંથ છોડો 'ગ્રંથ ની ઉત્તર ગુજરાત સમાજ ની ત્રણેય પાંખ દ્વારા શોભાયાત્રા (પોથી યાત્રા) ડોમ માજ કાઢવામાં આવી હતું. નવ નિર્મિત ઉત્તર ગુજરાત મહિલા સંઘ ના પ્રમુખ જશોદાબેન અને મહામંત્રી ભારતીબેન લીંબાણી એ આપણી જ્ઞાતિ ના બે પ્રમુખ ગ્રંથો ને માથા ઉપર રાખ્યા હતા અને ઉત્તર ગુજરાત રીજીયન ચેરમેન ચંદ્રકાન્ત પોકાર, ચીફ સેક્રેટરી ઘનશ્યામ છાભૈયા, મિશન ચેરમેન કપિલ નાકરાની એ ગ્રંથ ઉપર રજવાડી છત્રી નું છતર રાખી શાહી રીતે વિશાળ સભા મંડપ માં શોભા યાત્રા કાઢી હતી. ઝોન સમાજ અને કેન્દ્રીય સમાજ ના હોદેદારો એ બન્ને ગ્રંથો ને મંચ પાસે તિલક કરી પુષ્પ વરસાવી વધાવ્યા હતા. સમયાંતરે સનાતની ક્રાંતિ અને જાગૃતિ માં અગ્રેસર ભૂમિકા ભજવનાર બન્ને ગ્રંથો ને ભગવાન લક્ષ્મીનારાયણ અને મા ઉમિયા ની છબી ની બાજુ માં સ્થાપિત કરવામાં આવ્યો હતા. ત્યારબાદ બધાજ મહાનુભાવો અને મહિલાસંઘ ની માતૃશક્તિ એ સાથે મળી ઉમિયા માતા, લક્ષ્મી નારાયણ ભગવાન અને આપણા બે પ્રમુખ ગ્રંથો ની આરતી ઉતારી હતી.

ત્યારબાદ આજની સભા ના મુખ્ય મહેમાન સી.એ. મુંબઈ થી પધારેલ ચંદ્રકાન્ત કાંતિલાલ છાભૈયા નું સતપંથ છોડો ગ્રંથ ની રચના બદલ સાલ અર્પણ તથા સન્માન પત્ર આપી ઉત્તર ગુજરાત ઝોન ના પ્રમુખ મંત્રી ના હસ્તે વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ચંદ્રકાન્ત છાભૈયા એ સભા ને સંબોધી હતી. ચંદ્રકાન્ત છાભૈયા એ આપણી કકપા જ્ઞાતિ ને સતપંથ ને કારણે કેવી હેરાનગતિ થઈ તે અંગે ઐતિહાસીક તથ્યો દ્વારા માહિતીગાર કર્યાં હતા. સતપંથ છોડો ગ્રંથ ની રચના કેવા સંજોગો માં થઇ અને કેવી રીતે ગ્રંથ રચાયો તેની માહિતી આપી હતી. અને આ સન્માન બદલ ઉત્તર ગુજરાત ઝોન સમાજ નો આભાર વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ સંસ્કૃતિક કાર્યક્રમ ની શરૂઆત થઈ હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમો માં 17 સમૂહ નૃત્ય અને 03 સ્કિટ (નાટ્ય કૃતિ) હતી. બધા જ કાર્યક્રમો ખુબજ સુંદર અને મનોરંજક હતા. પાટણ 01, પાટણ 02, મહેસાણા, પાલનપુર, સિદ્ધપુર, વિજાપુર, વિસનગર, વડનગર, ઊંઝા, ખેરાલુ, કલોલ, ચાંદરડા, ડીસા 02, હારીજ અને આંબલિયાસન સમાજે ભાગ લીધો હતો. સમૂહ નૃત્ય માં પ્રથમ સ્થાન સિદ્ધપુર સમાજ ની ટીમે પ્રાપ્ત કર્યું હતું જ્યારે દ્વિતીય અને તૃતીય સ્થાન અનુક્રમે મહેસાણા અને વિસનગર A સમાજે પ્રાપ્ત કર્યું હતું. સ્કિટ માં પ્રથમ સ્થાન પાટણ 01 ની સમાજે પ્રાપ્ત કર્યું. જ્યારે દ્વિતીય અને તૃતીય સ્થાન અનુક્રમે મહેસાણા અને કલોલ સમાજે પ્રાપ્ત કર્યું હતું.

સનાતની શતાબ્દી મહોત્સવ ની આજની એન્ડિંગ સરેમની માં મહોત્સવ માં ઉદાર હાથે દાન આપનાર દાતા ઓ ના હસ્તે વિવિધ સ્પર્ધા ના સ્પર્ધકો ને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઝોન ના 05 મહિલા મંડળો ને ખેરાલુ મહિલા મંડળ દ્વારા લકી ડ્રો કરી 1100 રૂપિયા આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ માં ભાગ લેનાર દરેક સ્પર્ધક ને સર્ટિફીકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ સનાતની શતાબ્દી મહોત્સવ કાર્યક્રમ નું માઈક દ્વારા સુંદર અને રોચક સંચાલન, ઘનશ્યામ છાભૈયા, બ્રિજેશ ભાવાણી, કપિલ નાકરાણી, અનિતાબેન ઘનશ્યામ છાભૈયા, અશ્વિની લીંબાણી અને પ્રિયાંસી જબુવાની એ કર્યું હતું. કાર્યક્રમ ને અંતે ઝોન મહામંત્રી રમેશભાઈ પોકારે આભાર વિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ મહેસાણા સમાજ અને યુવક મંડળ ની યજમાની માં આયોજિત થયો હતો. મહેસાણા સમાજ ના યુવાનોએ આ કાર્યક્રમ ને સફળ બનાવવા ભારે મહેનત કરી હતી. આ માટે ઝોન સમાજ વતી મહેસાણા સમાજ પ્રમુખ મોહનભાઇ રામાણી અને યુવક મંડળ પ્રમુખ ભવનભાઈ નાકરાણી તથા તેની સમગ્ર ટીમ નો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતે રાષ્ટ્રગીત ગાન બાદ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

અહેવાલ
બ્રિજેશકુમાર ચંદુભાઈ ભાવાણી,
પાટણ, મો. 6353422667



છત્તિસગઢ રીજીયન માં મિશન અભિમન્યુ

તા. 18/12/23 ના રાજનાંદગાંવમા બાલસંસ્કાર કેંદ્ર નું સત્ર લેવામા આવ્યુ. જેનું સંચાલન ચંચલ બેન, હેમલતાબેન, હેતલબેન , નર્મદાબેન, નીતાબેન, હેમાબેન અને મીનાબેન દ્વારા કરવામા આવ્યુ .જેમા ઐરોબીક્સ, ઝૅનાદ, ધ્યાન, વક્તવ્ય (જેના કર્મે તે જ ભોગવે), શ્લોક ,આરતી ,રમત - ગમત ,રાષ્ટ્રગાન કરાવવામા આવ્યુ.

UBR Region - દિલ્હી માં મિશન અભિમન્યુ

આજરોજ તારીખ 18 -12 - 2022 ના દિલ્હી ઉત્તર ભારત રિજીયનમાં મિશન અભિમન્યુનો સેશન માં લેવા માં આવ્યું. જેના માં સરસ્વતી વંદના, શ્લોક કંઠસ્થ, એક્સરસાઇઝ, રમતગમત અને હનુમાન જી ની વાર્તા સમજાવવામાં આવી. ત્યારબાદ બાળકોને હનુમાન જી થી સંબંધિત પ્રશ્નોત્તરી કરવામાં આવી અને અંતે હનુમાન ચાલીસા અને રાષ્ટ્ર ગાન બોલાવા મા આવ્યું.

છત્રપતિ શિવાજી રીજીયન માં મિશન અભિમન્યુ

તારીખ ૧૮-૧૨-૨૦૨૨ રવિવારના રોજ ગોરેગાંવ છત્રપતિ શિવાજી રીજીયન ના મિશન અભિમન્યુ ની શરૂઆત ઉમિયા માતા ના દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી. ત્યાર બાદ ઉમિયા માતા ની આરતી ,લક્ષ્મી નારાયણ ની આરતી, હનુમાન ચાલીસા, શ્લોક, સાથે યોગાસન, પ્રાણાયામ અને રમત - ગમત કરવામાં આવી. શાંતિમંત્ર અને રાષ્ટ્રીય ગીત ગાઈને કાર્યક્રમ ની પુર્ણાહુતી કરવામાં આવી.

સંકલન - હેતલ પરેશ છાભૈયા

CSR REGION Mission અભિમન્યુ

પિમ્પરી ચીંચવડ સમાજ પૂણે આજ રોજ તારીખ 18/12/22 રવિવારે મિશન અભિમન્યુ અતગૅંત બાળ સંસ્કાર કેન્દ્ર લેવામાં આવેલ,જેમા લક્ષ્મીનારાયણ ભગવાન ની આરતી, ,શ્લોક પઠન, ૐ કાર નાદ, ગાયત્રી મંત્ર, આરોબીક્સ કરી છેવટે રાષ્ટ્રગાન, લેવામા આવેલ.

સૌરાષ્ટ્ર રિજીયન (ગ્રીનલેન્ડ કાઉન્સિલ) સ્પોર્ટસ ડે નું આયોજન (લીંમડી સમાજ)

લિંબડી કે.કે.પી સમાજ દ્વારા તારીખ 18-12-22 ના સ્પોર્ટસ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમાજના પ્રમુખ હીરાભાઈ પજવાણી, ઉપપ્રમુખ ગંગદાસભાઈ પોકાર અને મંત્રી ગંગદાસભાઈ સેંધાણી ઉપસ્થિત રહ્યા હતા તેમજ યુવા મંડળના પ્રમુખ અનિલભાઈ છાભૈયા, ઉપપ્રમુખ ભાવેશભાઈ પોકાર અને મંત્રી તરુણભાઈ પોકાર ના માર્ગદર્શનમાં વિવિધ રમતો રમાડવામાં આવી હતી જેમાં તેઓએ રેફરીની ભૂમિકા પણ નિભાવી હતી. રમતોત્સવમાં દોડ, લંગડી દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, બુક બેલેન્સ, વર્તુળનો રાજા, સંગીત ખુરશી, હાઉઝી, ગોળા ફેક, નિશાન ટાંકવું, મટકાફોડ, ડોલમાં દડી, ઈંશ્કી ટોપી ઉસકે સર, રસ્સી ખેંચ વગેરે જેવી ઘણી રમત રમાડવામાં આવી હતી, બપોરે સમાજના સૌએ સમૂહ ભોજન સાથે લીધું હતું, દરેક રમતમાં પ્રથમ અને દ્વિતીય નંબર વિજેતાઓને વડીલો દ્વારા ઇનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા અને અંતે સમાજના સૌએ રાત્રિ ભોજન લઈને છૂટા પડ્યા હતા.

સંયોજક
લી. અંકિત પોકાર લીંબડી

કોલકાતા કોટડા (જ) વાસીઓનુ સ્નેહ મિલન

18 /12/ 2022 ને રવિવારે કોલકાતા વસ્તા કોટડા જડોદર વાસીઓનું સ્નેહમિલન આમ્રાગાછી માં આવેલા કાશી વિશ્વનાથ સેવા આશ્રમ માં રાખવામાં આવ્યું હતું. જેમાં કોટડા વાસી ટોટલ 176 જણાની હાજરી હતી. કોરોના ના કારણે વાર્ષિક મિલન ત્રણ વર્ષ બાદ યોજાયેલ હતું. નાના મોટા સૌએ ઉત્સાહથી ભાગ લીધો. ખાસ કરીને આપણા વડીલો અને માતાઓનો ઉત્સાહ જોઈને આનંદ થયો. સવારના સત્રમાં મીટીંગ કરવામાં આવેલ જેમાં ત્રણ વર્ષના લવાજમ તથા દિવાળી બોણી, પશ્ચિમ બંગાળમાં જે કોટડા જડોદર ના કુલ 47 ફારમ છે, સંકલીત કરવામા આવી. અને કોટડા (જ) વાસીઓની કુલ જન સંખ્યા 386 છે, નોંધણી કરવામાં આવી.

ત્યારબાદ ત્રણ વર્ષ માટે નીચે જણાવેલ નવી કમિટીની વરણી કરવામાં આવેલ.

1. પ્રમુખશ્રી, રામજી પ્રેમજી લીંબાણી.
2. ઉપપ્રમુખ, શામજી કાનજી ડાયાણી.
3. મહામંત્રી, શિવજી દેવસી દિવાણી.
4. સહમંત્રી, જયંતીલાલ કાનજી દિવાણી.
5. ખજાનજી, શંકરલાલ મણીલાલ દિવાણી.
6. સહ ખજાનચી, સુરેશ શામજી ડાયાણી.

ત્યારબાદ પ્રમુખશ્રી દ્વારા કચ્છમાંથી આવેલ અહેવાલ ની ચર્ચા કરતાં જણાવેલ કે આવતી 11 થી 14 મે 2023 માં જે નખત્રાણા ખાતે અધિવેશન રાખવામાં આવેલ છે તેમાં આપણે કલકત્તા વાસીઓ વધુ માં વધુ જેટલા બની શકે તેનામાં લાભ લઈએ અને સાથે સાથે રદ્દી થી સમૃદધી ની પણ ચર્ચા કરવામાં આવેલ. બીજી કોઈ ચર્ચા ન હોવાથી માં ઉમિયા તથા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના જયઘોષ સાથે મીટીંગ પૂરી કરવામાં આવેલ

મીટીંગ બાદ સૌએ સાથે મળીને ભોજન નો આનંદ લીધેલ.

વિરામ બાદ બીજા સત્રમાં આવેલ બધાની પરિચય વિધિ કરવામાં આવેલ. રયાણ બાદ સૌએ સાથે મળીને ચા-નાસ્તા ને ન્યાય આપી બધા છૂટા પડેલ.

લી. ઉમેદ બાબુલાલ લીંબાણી.
પ્રમુખશ્રી.
નવચેતન પાટીદાર યુવક મંડળ.

બીલીમોરા સમાજ માં મહિલા દ્વારા "બાળ સંસ્કાર" કેન્દ્ર શરૂઆત.

કોરોનાકાળ દરમ્યાન બંધ થયેલ "બાળ સંસ્કાર "કેન્દ્ર ફરી પાછુ નવા ઉત્સાહ નવા થનગનાટ અને સ્ફૂર્તિ મય વાતાવરણ માં તા :18.12.22 થી શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી માં મહિલા મંડળ દ્વારા ચાલુ કરવામાં આવેલ.

જેમાં મહિલા મંડળ મંડળ ના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા મોટી સંખ્યામાં બાળકો હાજર રહેલ. મહિલા મંડળ ના પ્રમુખ પુષ્પાબેન માકાણી, ઉપ પ્રમુખ કમળાબેન માકાણી મંત્રી શારદાબેન સાંખલા ખજાનચી અનસૂયાબેન લીંબાણી, દક્ષાબેન સાંખલા તેમજ કારોબારી સભ્યો હાજર રહેલ.

મહિલા મંડળ દ્વારા બીલીમોરા સમાજ ના પ્રમુખ પરસોત્તમભાઈ માકાણી તેમજ યુવક મંડળ ના પ્રમુખ મહેન્દ્રભાઈ સાંખલા ને આમન્ત્રણ આપવામાં આવેલ જેઓ એ હાજર રહી પ્રોગ્રામ માં ઉત્સાહ વધારેલ અને મહિલા મંડળ ના આ કાર્ય ને બિરદાવેલ.

સંયોજક
મહેન્દ્ર સાંખલા - બીલીમોરા

રદ્દી સે સમૃધી નો સંકલ્પ ૧૦૦૧ કિલો

શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ ના ઉત્સાહી એવા બીઝનેશ સેલ ના કન્વીનર હિતેષ ભાઇ પોકાર ની આજે રપમી લગ્નવર્ષગાંઠ અને તેમની ધર્મપત્ની વર્ષાબેન નો 46મો જન્મ દીવસ છે તો તેમને લગ્ન ની વર્ષગાંઠ તથા વર્ષાબેન ને જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ આજ ના શુભદીવસ નિમિત્તે હીતેષભાઇ તથા વર્ષા બેન તરફ થી શ્રી સમાજના શતાબ્દી મહોત્સવ ની અંદર રદી થી સમૃદ્ધિ યોજના મા 1001 kg રદી સ્વરૂપ આપવા ની સંકલ્પ સાથે તેઓએ આજ નો દીવસ ઉજવેલ છે,તેમનો આ સમાજ પ્રત્યેના રુણ અદા કરવા બદલ ટીમ યુવાસંઘ તેમને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવે છે,તેમજ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને માં ઉમિયા તેમને સ્વસ્થ રાખે,મસ્ત રાખે અને તંદુરસ્ત રાખે તેવી ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના ચરણોમાં પ્રાર્થના...

સમાશાસ્ત્ર નું ઉત્તમ ઉદાહરણ

રદ્દી થી સમૃદ્ધિ

ખીરસરા (રોહા) પાટીદાર સમાજ અને યુવક મંડળ સાથે રહીને રદ્દી નો જથ્થો વેચાણ કરવામાં આવ્યો ...
જેના સાક્ષી છે સમાજ તથા યુવક મંડળ ભાઇઓ.....
કર્મઠ બની સમાજ ના વિકાસ નું આ કાર્ય કરનાર સહુને અભિનદન છે...



'જવાબદારી' શબ્દ કેટલો બધો માર્મિક છે. જીવનમાં સવાલ રૂપે ઊભી થયેલી પરિસ્થિતિ, પ્રતિકૂળતા કે પરેશાની સામે જવાબ આપવાની વ્યક્તિની જવાબદારી હોય છે. આ 'જવાબદારી' શબ્દ બોસ એના કર્મચારીને, પતિ એની પત્નીને, શિક્ષક એના વિદ્યાર્થીને વારંવાર કહેતો હોય છે. પણ ખરેખર જવાબદારી એટલે જવાબ આપવાનું તમારું કર્તવ્ય. કેટલાક એ કર્તવ્ય હસતે મુખે બજાવવાનો પ્રયત્ન કરતા હોય છે, તો કેટલાક એ જવાબદારીનો બોજ ઉપાડવાને બદલે બહાનાંઓનું પોટલું ખોલી દેતા હોય છે. એને કોઈ પણ જવાબદારી સોંપાય એટલે તરત જ એ મુશ્કેલ હોવાનું કારણ સામે ધરી દેશે ! એથીય વિશેષ પોતાની નિષ્ફળતા માટે અન્યને દોષી ઠેરવશે. બીજાનો ગુનો સાબિત કરવા માટેની એની દલીલબાજી અનોખી હોય છે. એ છેક પોતાના પરિવારથી માંડીને કલિયુગ સુધી સહુને દોષિત ઠેરવે છે.

પુરુષાર્થ વગર પ્રારબ્ધ ફળતું નથી. પરંતુ લમણે હાથ દઈને બેસી રહીને અને પોતાની જવાબદારીથી છટકવા માટે અદશ્ય એવા ગયા ભવમાં કરેલા કર્મને ય દોષિત ઠેરવે છે ! આમ એ જવાબદારીથી છટકવા માટે બધાને દોષિત ઠેરવશે, માત્ર પોતાને નહીં !

સતોડિયુ રમતની ટીમોના નામ

1. નખત્રાણા – પશ્ચિમ ઝોન
2. નખત્રાણા – પશ્ચિમ ઝોન
3. કોટડા (જ) - પશ્ચિમ ઝોન
4. વિરાણી મોટી - પશ્ચિમ ઝોન
5. નાગલપર - પશ્ચિમ ઝોન
6. દેવપર - પશ્ચિમ ઝોન
7. વિથોણ - પશ્ચિમ ઝોન
8. પલીવાડ - પશ્ચિમ ઝોન
9. ઘડુલી - પશ્ચિમ ઝોન
10. ભુજ – પૂર્વ ઝોન
11. માંડવી-બિદડા - પૂર્વ ઝોન
12. માંડવી - પૂર્વ ઝોન
13. ગુણાતીતપુર - પૂર્વ ઝોન
14. મુંબઈ – બૃહદ મુંબઈ ઝોન
15. મુંબઈ – બૃહદ મુંબઈ ઝોન
16. ઈન્દોર – મધ્યપ્રદેશ ઝોન
17. ઈન્દોર – મધ્યપ્રદેશ ઝોન
18. જલગાંવ – મધ્યમહારાષ્ટ્ર ઝોન
19. ગોવા – દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા ઝોન
20. સાબરકાંઠા – સાબરકાંઠા

શ્રી અખિલ ભારતીય કરછ કડવા પાટીદાર મહિલા સંઘની રચનાને 25વર્ષે પૂરાં થતાં સનાતની શતાબ્દી મહોત્સવ અંતર્ગત મહિલા સંઘ રજતજયંતિ મહોત્સવ નિમિત્તે બહેનો માટે પરંપરાગત ભારતીય રમત સતોડીયાનું આયોજન નખત્રાણા ખાતે આગામી તા 11અને12 જાનયુઆરી 2022 ના રોજ રાખવામાં આવેલ છે. જેમાં ભારત ભર માંથી વિવિધ મહિલા સંઘ ઝોન ની ટીમો રમત ગમત માં ભાગ લેવા માટે માદરે વતન નખત્રાણા કરછ માં આવનાર છે આ મહોત્સવ ને સફળ બનાવવા માટે સતરાવાળા પરિવાર મુખ્ય દાતા તરીકે સહયોગ આપી રહેલ છે.

આસતોડીયા રમત ના સહયોગી દાતા માજી પ્રમુખ ગંગાબેન સેંઘાણી છે.
મહિલા સંઘ સવેં દાતા તેમજ રમત ગમત માં ભાગ લેનાર દરેક ઝોન ની બહેનો નો હૃદય પૂર્વક આભાર માને છે

શુભેચ્છા રેસ્લિંગ ભગત રોહન

તારીખ 17 ડિસેમ્બર ના રોજ અમદાવાદ મધ્યે યોજાયેલ મિક્સ માર્શલ આર્ટ (રેસલિંગ) ટુર્નામેન્ટમાં તાલુકો નખત્રાણા ગામ રવાપર ના રહેવાશી ભગત રોહન વિનોદભાઈ એ ભાગ લીધેલ અને તેમાં ફર્સ્ટ નંબર લઈને ગોલ્ડ મેડલ મેળવેલ છે

અવસાન નોધ

સ્વ. વાસંતીબેન મનુંભાઇ સાંખલા
ઉમર : 76 વર્ષ
તા. 19 - 12 - 2022
કચ્છ માં : રસાલિયા
હાલે : ડુંગરી કંપા (ગુજરાત)

H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD